જિલ્લા નાયબ નિયામક (વિકસતી જાતિ)ની કચેરી
જિલ્લા સેવા સદન, જુની કોર્ટ બિલ્ડીંગમાં,બહુમાળી ભવન કેમ્પસ, નાનપુરા, સુરત
**ફોન/ફેક્સ : ૦૨૬૧-૨૪૬૦૬૯૮** e-mail : d.dirsurat@gmail.com

**નં.જિનાનિ/વિ.જા/સરસ્વતી સાધના/૨૦૨૦-૨૧/૬૨૩** **તા. ૦૮/૦૯/૨૦૨૦**

પ્રતિ,
આચાર્યશ્રી,

..........................................

..........................................

વિષય:-"સરસ્વતી સાધના યોજના" સાયકલ સહાય યોજનાનો અમલ વર્ષ ૨૦૨૦-૨૧થી Digital Gujarat Portalપર કરવા બાબત (https://www.digitalgujarat.gov.in)

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે રાજ્ય સરકાર / ભારત સરકારશ્રીની યોજનાઓ અંતર્ગતવિદ્યાર્થીઓને શિષ્યવૃતિ/સહાય કે લાભ એક જ જગ્યાએથી આપી શકાય તે હેતુ થી રાજ્ય સરકારશ્રી દ્વારા Digital Gujarat Portal ડેવલોપ કરી છેલ્લા બે નાણાંકીય વર્ષથી સદરહું પોર્ટલ મારફત શૈક્ષણિક યોજનાનો અમલ કરવામાં આવે છે.

તા: ૧૦/૦૭/૨૦૨૦ પત્રનં: જિનાનિ/વિજાક/શિક્ષણ /૨૦૨૦-૨૧/૧૨૯૫ થી ૧૩૩૫ થી આપશ્રીને જણાવવામાં આવે છે કે વિકસતી જાતિ કલ્યાણ ખાતાની શિષ્યવૃતિ/ગણવેશ સહાય યોજનાઓનો વર્ષ:૨૦૨૦-૨૧ માટેનો અમલ Digital Gujarat Portalમારફત ઓનલાઇન કરવાનો થાય છે. ત્યારબાદ **"સરસ્વતી સાધના યોજના"**નો અમલ પણ ડિજિટલ ગુજરાત પોર્ટલ મારફત કરવાનું નક્કી કરવામાં આવેલ હોય હવે શિષ્યવૃતિ/ગણવેશ સહાય યોજનાની દરખાસ્તો જે રીતે ઓનલાઇન મોકલવામાં આવે છે તેવી જ રીતે **"સરસ્વતી સાધના યોજના"**ની દરખાસ્તો પણ આપની કક્ષાએથી ઓનલાઇન બનાવી **તા:૧૫/૦૯/૨૦૨૦** સુધીમાં મોકલવાની રહેશે.વિકસતી જાતિ (સા.શૈ.પ.વ. અને આ.પ.વ.)ની ધોરણ-૯ની વિદ્યાર્થીનીઓની "સરસ્વતી સાધના યોજના"ની ઓનલાઇન દરખાસ્તો "**Cycle Scheme**" મેનુમાં જઇ"Director Developing Caste Welfare"માં જઇ "**Create Cycle Proposal**"મેનુમાં જઇને બનાવવાની રહેશે.

૨૦૨૦-૨૧ નુ નવુ વર્ષ શરૂ થઇ ગયેલ છે જેથી શાળા ખુલતાની સાથે આ સાથેના "માસવાર આયોજન" પત્રક મુજબ ધોરણ-૯માં અભ્યાસ કરતી અને "સરસ્વતી સાધના યોજના" ને પાત્ર ઠરતી વિકસતી જાતિ(સા.શૈ.પ.વ. અને આ.પ.વ.)ની વિદ્યાર્થીનીઓની દરખાસ્ત ઓનલાઇન મોકલવા આથી સર્વે આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે.

સદરહું યોજનામાં વિદ્યાર્થીનીઓની ઓનલાઇન દરખાસ્તો કરતી વખતે પિતા/વાલીના આવકના દાખલાની નકલ તેમજ વિદ્યાર્થીનીના જાતિના દાખલાની નકલ પણ અપલોડ કરવાની હોય પ્રપોઝલબની ગયા બાદ "Cycle Scheme"મેનુમાં જઇ "Director Developing Caste Welfare"ઓપ્શનમાં જઇ "Proposal Cycle Detail" પર ક્લિક કરી જે પ્રપોઝલ સેન્ડ કરવાની હોય તે પ્રપોઝલના તમામ વિદ્યાર્થીઓના જાતિના તેમજ તેઓના વાલીના આવકના દાખલા અપલોડ કરવાના રહેશે. જાતિ અને આવકના દાખલા અપલોડ કર્યા બાદ જ Cycleની પ્રપોઝલ હાયર ઓથોરીટીને સેન્ડ કરી શકાશે જેની નોંધ લેવા વિનંતી છે.

વધુમાં સદરહું યોજનામાંઆચાર્યશ્રી દ્વારાજે પ્રપોઝલ ઓનલાઇન સેન્ડ કરવામાં આવશે તે પ્રપોઝલ જિલ્લાકક્ષાએથી એપ્રુવ થયા બાદ આચાર્યશ્રીને જે સાયકલો પુરીપાડવામાં આવે તે પૈકી સંબધિત વિદ્યાર્થીનીઓને સાયકલોનું વિતરણ કરવાનું રહેશે. જેમાંજે વિદ્યાર્થીનીને કઇ સાયકલ આપવામાં આવેલ છે તેની વિગતો પણ પોર્ટલ પર અપડેટ કરવાની છે. જેવી કે સાયકલનો ચેસીસ નંબર, વિદ્યાર્થીનીને સાયકલ ક્યારે પુરી પાડી વિગેરે. જેથી આપની શાળાની પ્રપોઝલ જ્યારે હાયરઓથોરીટીએથી મંજુર થઇ જાય અને સાયકલોનુ વિતરણ થઇ જાય ત્યારબાદ તેની વિગતો"Cycle Scheme" મેનુમાં જઇ "Director Developing Caste Welfare"માં જઇ"Update Cycle Detail"ઓપ્શનમાં જઇને અપડેટ કરવાની રહેશે. જેથી જિલ્લામાં કેટલી સાયકલો વિતરણ કરવામાં આવેલ છે તેની ચોક્કસ વિગતો મેળવી શકાય.

ઉક્ત તમામ વિગતો ધ્યાને રાખી વિકસતીજાતિ (સા.શૈ.પ.વ. અને આ.પ.વ.)નીધોરણ-૯ની પાત્રતા ધરાવતી વિદ્યાર્થીનીઓની વર્ષ:૨૦૨૦-૨૧ની "સરસ્વતી સાધના યોજના"ની દરખાસ્તો ઓનલાઇન કરવા તેમજ સાયકલનુ વિતરણ થઇ ગયા બાદ તેની આનુષાંગિક વિગતો પોર્ટલ પર અપડેટ કરવા સર્વે આચાર્યશ્રીઓને વિનંતી છે.

જીલ્લા નાયબ નિયામક
વિકસતી જાતિ સુરત

બિડાણ:
અત્રેના ખાતાની ડિજિટલ ગુજરાત પોર્ટલમાં સમાવેશ કરેલ યોજનાઓની વિગત અને શરતો બાબતનુ પત્રક (પત્રક-અ)
વર્ષ ૨૦૨૦-૨૧ નું શાળાઓએ કરવાની થતી કામગીરીનું "માસવાર આયોજન અંગેનુ પત્રક
નકલ સવિનય રવાના :- ૧-માન નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ગાંધીનગર તરફ જાણ સારૂ
૨-જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત તરફ વેબસાઇટ પર મુકવા સારૂ તેમજ શાળાઓને જાણ સારૂ

**Digital Gujarat Portal મારફત Online કરવાની થતી "સરસ્વતી સાધના યોજના"ની વિગત (પત્રક-અ)**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત રાજ્ય

નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગુ.રા.ગાંધીનગર

| ક્રમ | યોજનાનુ નામ | જાતિ | ધોરણ | કુમાર / કન્યા | સહાયની વિગત | વાર્ષિક આવક મર્યાદા | શાળાઓની વિગતો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | Under "SaraswatiSadhanaYojana" Cycle Assitance for Socially & Educationally Backward Class Girls Students of STD-9 (BCK-97) | S.E.B.C. | ધો:૯ | માત્ર કન્યા | મફત સાયકલ સહાય | શહેરીવિસ્તાર: રૂ. ૧.૫૦લાખ<br>ગ્રામ્યવિસ્તાર: રૂ. ૧.૨૦લાખ | સરકારી તથા અનુદાનિત (GIA) માધ્યમિક શાળાઓ |
| ૨ | Under "SaraswatiSadhanaYojana" Cycle Assitance for Economically Backward Class Girls Students of STD-9 (BCK-97) | E.B.C. | ધો:૯ | માત્ર કન્યા | મફત સાયકલ સહાય | શહેરીવિસ્તાર: રૂ. ૧.૫૦લાખ<br>ગ્રામ્યવિસ્તાર: રૂ. ૧.૨૦લાખ | સરકારી તથા અનુદાનિત (GIA) માધ્યમિક શાળાઓ |

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર**

**નિયામક, વિકસતી જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગર**

**માધ્યમિક શાળાઓ પાસેથી વર્ષ:૨૦૧૯-૨૦ની "સરસ્વતી સાધના યોજના"ની Online દરખાસ્ત મેળવવા બાબતનુ તેમજ જિલ્લા કચેરીએ કરવાની થતી કામગીરીનું "માસવાર આયોજન" પત્રક**

| અ. | માસ | શાળાઓની કામગીરી | જિલ્લા કચેરીએ કરવાની કામગીરી | NIC દ્વારા થનાર કામગીરી |
|---|---|---|---|---|
| ૧ | જુન – ૨૦૨૦ | શિષ્યવૃતિ/ગણવેશ સહાય યોજનાની પ્રપોઝલ જે રીતે બનાવવામાં આવે છે તે જ રીતે "સરસ્વતી સાધના યોજના"ની પ્રપોઝલ તા:૧૫/૦૯/૨૦૨૦ સુધીમાં ચેક કરી જો સુધારા વધારા કરવાની જરૂર જણાય તો તે કરી હાયર ઓથોરીટીને સેન્ડ કરવી. | ૧) વર્ષ ૨૦૨૦-૨૧ની સરસ્વતી સાધના યોજનાની દરખાસ્તો શાળાઓ પાસેથી ઝડપથી મેળવી મંજુરીની કામગીરી કરવી. જેમ જેમ દરખાસ્તો મંજુર થતી જાય તેમ તેમ શાળાને સાયકલો પુરી પાડી સાયકલ વિતરણની કામગીરી કરાવવી. (જો ગરીબ કલ્યાણમેળાનુ આયોજન હોય તો વિધાર્થીનીઓને તે મુજબ સાયકલો પુરી પાડવી.) | પ્રપોઝલ બનાવવામાં જો ટેકનિકલ પ્રશ્નો ઉભા થાય તો તેનુ નિરાકરણ |
| ૨ | જુલાઇ – ૨૦૨૦ | બાકી રહી ગયેલ વિદ્યાર્થીનીઓની "સરસ્વતી સાધના યોજના"ની પ્રપોઝલ બનાવવાની કામગીરી તા:૧૫/૦૯/૨૦૨૦ સુધીમાં પૂર્ણ કરવી.<br>સાયકલ વિતરણ થઇ ગયા બાદ જે વિદ્યાર્થીનીઓને સાયકલ પુરી પાડવામાં આવેલ હોય તેની વિગતો "Update Cycle Details" મેનુમાં જઇને અપડેટ કરવી જેથી જિલ્લામાં કેટલી સાયકલો વિતરણ કરવામાં આવેલ છે તેની ચોક્કસ વિગતો મેળવી શકાય. | જેમ જેમ સરસ્વતી સાધના યોજનાની દરખાસ્તો મંજુર થતી જાય તેમ તેમ શાળાને સાયકલો પુરી પાડી સાયકલ વિતરણની કામગીરી કરાવવી.<br>જે શાળાઓએ સાયકલ વિતરણની વિગતો પોર્ટલમાં અપડેટ કરેલ ન હોય તે શાળાઓને તાકીદે વિગતો અપડેટ કરવા સૂચના આપવી. | પ્રપોઝલ બનાવવામાં જો ટેકનિકલ પ્રશ્નો ઉભા થાય તો તેનુ નિરાકરણ |